# ગાંધીનગરમાં આઈઆઈટીઈના બી.એડ. અભ્યાસક્રમનું વિમોચન

ગાંધીનગર,તા. ૧૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન – આઈઆઈટીઈ) દ્વારા તૈયાર કરવામાં આવેલા બી.એડ.ના નવા અભ્યાસક્રમનું વિમોચન શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ રાજયમંત્રી વિભાવરીબેન દવે અને આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ નવા અભ્યાસક્રમનું વિમોચન કરતા જણાવ્યું હતું કે, “રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં નવી પેઢીના બાળકોને તાલીમ આપતા ગુણવત્તાયુક્ત શિક્ષકોને તૈયાર કરવા માટે શિક્ષણ પ્રશિક્ષણ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. શિક્ષણ નીતિમાં જ બી.એડ.ના અભ્યાસક્રમને ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ ડિગ્રી અભ્યાસક્રમ સાથે જોડવાનું સૂચન છે. આથી આઈઆઈટીઈએ તૈયાર કરેલો આ અભ્યાસક્રમ,

- **સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ બી.એડ. કોલેજો આઈઆઈટીઈ સાથે જોડાયા બાદ હવે વિદ્યાર્થીઓને રાજ્યમાં એક સમાન અભ્યાસક્રમની તાલીમ મળશે. એનસીએફટીઈ -૨૦૦૯ આધારિત અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ શિક્ષણ વિદ્યાશાખાના નવા અભ્યાસક્રમની રચના થઈ છે.**
- **આ અભ્યાસક્રમમાં કલા, સાહિત્ય, વિજ્ઞાનનો સમન્વય કરવામાં આવ્યો છે.**
- **અભ્યાસક્રમ હેઠળ વિદ્યાર્થીઓને સરકારી શાળાઓમાં ૧૬ સપ્તાહની ઇન્ટર્નશીપ મળશે, જેથી તાલીમાર્થી શિક્ષકોનો લાભ વિદ્યાર્થીઓને મળશે.**

રાજ્યની તમામ સરકારી અને અનુદાનિત બી.એડ. કોલેજોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ભવિષ્ય માટે જરૂરી છે, તેવાં કૌશલ્યો અને સમજ વિકસાવવામાં ખૂબ જ મદદરૂપ બનશે તેવો મને વિશ્વાસ છે.”

મુખ્યમંત્રીએ આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલને તાજેતરમાં જ જાહેર થયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સૂચનોને ખૂબ જ ઓછા સમયમાં બી.એડ.ના અભ્યાસક્રમમાં સામેલ કરવા બદલ અભિનંદન આપ્યા હતા.

આઈઆઈટીઈના નવા બી.એડ. અભ્યાસક્રમની રૂપરેખા આપતા આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, “આ અભ્યાસક્રમની રચના પ્રવર્તમાન નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક ફોર ટીચર એજ્યુકેશન – ૨૦૦૯ના આધારે અને જાહેર થયેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સૂચનો મુજબ તૈયાર કરવામાં આવ્યો છે. અભ્યાસક્રમની ચર્ચામાં ૨૦૦ થી વધુ અધ્યાપકોના સૂચનો મળ્યાં હતાં. સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ બી.એડ. કોલેજો આઈઆઈટીઈ સાથે જોડાયા બાદ હવે વિદ્યાર્થીઓને રાજયમાં એક સમાન અભ્યાસક્રમની તાલીમ મળશે.”

આ અભ્યાસક્રમની ખાસિયતો જણાવતા કુલપતિએ જણાવ્યું હતું કે, “આ અભ્યાસક્રમમાં કલા, સાહિત્ય, વિજ્ઞાનનો સમન્વય સાધવામાં આવ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સૂચન અનુસાર હવે શિક્ષકોને ૪ ભાષાઓનું જ્ઞાન હોવા પર ભાર મૂકવામાં આવ્યો છે, આથી



આ અભ્યાસક્રમમાં ભાવિ શિક્ષકો માટે ૪ ભાષાઓ શીખવાની પ્રક્રિયાને આવરી લીધી છે. આ ઉપરાંત બી.એડ. કોલેજોના તાલીમાર્થીઓને તબક્કાવાર ૧૬ સપ્તાહ એટલે કે બે વર્ષના અભ્યાક્રમમાં લગભગ ૪ મહિના જેટલા સમયગાળા માટે ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઈન્ટર્નશીપ કરવાની બાબતને પણ આ અભ્યાસક્રમમાં મૂકવામાં આવી છે.” આ પ્રસંગે રજિસ્ટ્રાર ડૉ. હિમાંશુ પટેલ, યુનિવર્સિટીના ડીન ડૉ. કલ્પેશ પાઠક, પ્રા. દિવ્યા શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

# એસ.વી.ઈંગ્લીશ મીડિયમ પ્રી. સ્કૂલમાં ‘પરિવારની ધરોહર : વડીલો’ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,ગાંધીનગર સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં ઓનલાઈન ‘પરિવારની ધરોહર : વડીલો’ નામનો કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમમાં જુનિયર કે.જી. તથા સિનિયર કે.જી. ના વિદ્યાર્થીઓની સાથે તેમના દાદા-દાદી અને નાના-નાનીએ પણ ભાગ લીધો હતો. શિક્ષિકાઓએ બાળકોને જીવનમાં દાદા-દાદી અને નાના-નાનીનું મહત્વ સમજાવી તેમને આદર,માન-સન્માન, પ્રેમ આપવાની, તેમની જરૂરિયાતોનું ધ્યાન રાખવાની અને તેમની લાગણીઓની કદર કરવાની શીખ આપી હતી. આ તબક્કે બાળકોએ પોતાના ગ્રાન્ડ પેરેન્ટ્સની આરતી ઉતારી હતી.ત્યાર બાદ, આ કાર્યક્રમમાં હાજર તમામ ગ્રાન્ડ પેરેન્ટ્સે પોતાના પૌત્ર-પૌત્રી સાથેની યાદો વાગોળીને પોતાની લાગણીઓ વ્યકત કરી હતી. આ તબક્કે અત્યંત ભાવનાત્મક દ્રશ્યો સર્જાયા હતા.

અત્યારના જમાનામાં જ્યારે વૃદ્ધાશ્રમની સંખ્યા દિવસે ને દિવસે વધતી જ જાય છે, ત્યારે કુમળી વયથીજ બાળકોમાં પોતાના વડીલો પ્રતિ માન અને પ્રેમની લાગણી જાગૃત થાય તો ભવિષ્યમાં થોડેઘણે અંશે વૃદ્ધાશ્રમની સમસ્યા નિવારી શકાય, તે હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરા દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી ઉજવાઈ






ચિલોડા, તા. ૧૨


બા-બાપુ-૧૫૧, ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષની ઉજવણી મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના સંયોજક રમેશભાઈ મ. પટેલના આયોજન હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી ઉજવાઈ રહી છે. કોવિડ-૧૯ સંક્રમણથી વિદ્યાર્થીઓ ઘરે બેઠા બેઠા ઓનલાઈન અભ્યાસ કરી રહ્યા છે તેવા સંજોગોમાં સંકુલ - સાદરાના બી.એ., એમ.એ, વિભાગ અને શારીરિક શિક્ષણ વિદ્યાશાખાના સંયુક્ત ઉપક્રમે સંકુલમાં ગીત ગૂંજન અને સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢવામાં આવી. ત્યારબાદ અધ્યાપક - સેવકભાઈઓ બહેનો દ્વારા અખંડ કાંતણ કરવામાં આવ્યું. કન્યા છાત્રાલયમાં સફાઈ કાર્ય કરવામાં આવ્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓને બેસવા માટેની બેઠક બનાવવામાં આવી. આ બેઠક સંકુલના સલામતી સેવકો અને ગૃહમાતા - ગૃપતિ દ્વારા પરિશ્રમ કરી વિનામૂલ્યે બનાવવામાં આવી. જેમાં મહાત્મા ગાંધીના આદર્શો અને ગાંધી જીવન પદ્ધતિનાં દર્શન થાયછે.

આ કાર્યક્રમોને સફળ બનાવવામાં ગૃહપતિ મોહનભાઈ પટેલ, જયેશ રાવલ, અને વિશાળ માંગરોલીયાનો સહકાર સાંપડ્યો.

# ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં ‘ઉત્તમ શિક્ષક બનવા તમારી તાકાત જાણો’ વિષય પર ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજ સેક્ટર.૨૩, ગાંધીનગરના તાલીમાર્થીઓને ઉત્તમ શિક્ષક બનવા તમારી તાકાત જાણો તે વિષય પર તા.૧૨/૧૦/૨૦૨૦ના રોજ ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું હતું. સારા શિક્ષક બનવાનો સ્ટ્રેન્થ આ વિષય પર યોજાયેલા કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેલા પ્રા. ડૉ. ભાવિક સ્વાડિયાએ કોલેજના તાલીમાર્થીઓને ગુરુનો મહિમા બતાવી શિક્ષકમાં નોલેજનું મહત્વ, ડહાપણ, શિક્ષક બન્યા પછી શું કરવું જોઈએ? વિદ્યાર્થી જીવનની વિવિધ પરિસ્થિતિઓ, વિદ્યાર્થી સાથે કોમ્યુનિકેશન કેવી રીતે કરવું, ટીચર ટ્રેનીગનું મહત્વ, પોઝેટીવ વિચારોનું મહત્વ વિગેરે વિશે સમજાવ્યું હતું. કાર્યક્રમનું આયોજન વિભા દ્વિવેદી અને ડૉ.હરેકૃષ્ણ પટેલે કર્યું હતું.




## જામનગરમાં બાલાછડી સૈનિક સ્કૂલ ખાતે એરફોર્સ દિવસની ઉજવણી કરવામાં આવી

જામનગર, તા. ૧૨

જામનગરમાં આવેલી બાલાછડી સૈનિક સ્કૂલ ખાતે ૦૮ ઓકટોબર ૨૦૨૦ના રોજ એરફોર્સ દિવસની ૮૮મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે, એક સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અધિકારીઓ, સ્ટાફ અને તેમના પરિવારજનોએ ભાગ લઈને સફળતાપૂર્વક ૧૪ કિમી અંતર પૂરું કર્યું હતું.ત્યારબાદ દિવસ દરમિયાન, ધોરણ XI ના વિદ્યાર્થીઓ દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી “શા માટે હું એરફોર્સ અધિકારી બનવા માંગુ છુ?” વિષય પર એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા ભારતીય એરફોર્સ સંબંધિત પ્રેરાણદાયી વીડિયો પણ બતાવવામાં આવ્યા હતા.

# ગણપત યુનિવર્સિટીના ઈન્ક્યુબેશન સેન્ટરના ‘કછુઆ’ સ્ટાર્ટ અપની નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડમાં ફાઈનલીસ્ટ તરીકે પસંદગી

ગણપત વિદ્યાનગર, તા. ૧૨

ગણપત યુવિવર્સિટીના ‘ઈન્ક્યુબેસન સેન્ટર’ના નેજા હેઠળ વિકસી રહેલા અનેક ‘સ્ટાર્ટ-અપ’ માનું એક ‘કછુઆ’ સ્ટાર્ટઅપ તેની ‘વર્ચ્યુઅલ રિયાલીટી - (ડીપીઆઈઆઈટી) ભારત સરકારના પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ ડિપાર્ટમેન્ટના સ્ટાર્ટઅપ ઈન્ડિયા વિભાગ દ્વારા તાજેતરમાં પ્રથમ નેશનલ સ્ટાર્ટ અપ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ માટે એજ્યુકેશન સેકટરમાં ૨૦ રાજયોના ૧૬૯ સ્ટાર્ટ-અપ્સે અરજી કરી હતી, જેમાંથી ૧૭ સ્ટાર્ટ અપ્સ ફાઈનાલિસ્ટ તરીકે પસંદગી પામ્યા હતા, જેમાં ગુજરાતના - ગણપત યુનિવર્સિટીના ઈન્ક્યુબેશન સેન્ટરના સ્ટાર્ટઅપ ‘કછુઆ’ નો પણ સમાવેશ થયો હતો.

આ વર્ષની શરુઆતમાં આ જ સ્ટાર્ટ અપ ‘નીતિ આયોગ’ દ્વારા ‘નેશનલ કોન્ફરન્સ ઓન ઈ-ગર્વનન્સ’ હેઠળ ભારતના ઈનોવેટિવ સ્ટાર્ટ-અપ્સમાં ‘સિલ્વર એવોર્ડ’ દ્વારા સન્માનિત થયું હતું.

ફોટોન - વીઆર એક એવું વર્ચ્યુઅલ રિયાલિટી આધારિત એજ્યુકેશન સ્ટાર્ટ-અપ છે કે જે શિક્ષણના આદાન-પ્રદાન માટે એક એનોખું પ્લેટફોર્મ પૂરું પાડે છે. સામાન્ય રીતે ગેમિંગમાં વપરાતી ટેકનોલોજીનો શિક્ષણમાં સફળતાપૂર્વક ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ‘ફોટોન વીઆર’ પૂરું પાડે છે. આ ટેકનોલોજી કે જે વીઆર એટલે કે વર્ચ્યુઅલ રિયાલિટીના નામે ઓળખાય છે, તેઓ ઉપયોગ શિક્ષણ ક્ષેત્રે કરતાં, તેણે ગોખણપટ્ટી વગરનું જ્ઞાન કે જે અત્યાર સુધી ફક્ત ચર્ચાઓમાં જ હતું, તેના દ્વાર ખોલી આપ્યા છે.

આ સ્ટાર્ટ અપ ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ અને ઈ-ઈન્ફોચિપ્સના સ્થાપક પ્રતુલભાઈ શ્રોફના માર્ગદર્શન હેઠળ સંચાલિત છે. વિદ્યાર્થીઓ વિજ્ઞાનના અઘરા કોન્સેપ્ટ્સને સરળતાથી સમજી શકે તથા વિજ્ઞાનમાં રસ લેતા થઈ શકે તે માટે જ્ઞાન અને ટેકનોલોજીનો અનોખો સંગમ કરનારા આ કંપનીના સંસ્થાપકો વિજયભાઈ ઠક્કર, મયુરભાઈ પટેલ, મેહુલભાઈ પટેલ તથા ધવલભાઈ સોનપાલે ભેગા થઈને ‘ફોટોન વીઆર’ સ્ટાર્ટ અપની સ્થાપના કરી હતી.

ફોટોન વી આર દ્વારા







વીઆર’ બેઝ્ડ પ્રોડકટ ‘ફોટોન વીઆર’ માટે નેશનલ સ્ટાર્ટ અપ એવોર્ડ માટે ફાઈનલીસ્ટ તરીકે પસંદગી પામ્યું છે. આપણા દેશના ઉદ્યોગ સાહસિકો તથા ઈનોવેટર્સનો ઉત્સાહ વધારવા તથા તેમના કામને બિરદાવ્યા

આ એવોર્ડના મુખ્ય હેતુ અનુસાર તેમાં ફક્ત ઈનોવેટિવ વિચારધારા ધરાવતા, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા કે ઈકો સિસ્ટેમને મજબૂત કરનારા સ્ટાર્ટ-અપ નહીં પરંતુ તે સાથે રોજગાર પણ સર્જી શકતા અને સામાજિક અસર કરતા સ્ટાર્ટઅપ પસંદગી પામ્યા

અલગ અલગ સ્થળોની વર્ચ્યુઅલ ટૂર કરી શકાય છે. તે અમુક જ સેકન્ડોમાં કોઈ ડુંગર પર તો કોઈ જંગલમાં તો કોઈ ધ્રુવ પ્રદેશ ઉપર પહોંચાડી દે છે! આ ટેકનોલોજી બાળકોની કલ્પના શક્તિનો પણ વિકાસ કરે છે!

# ગાંધીનગરમાં હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ અને સત્યનારાયણ કથાનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૧૨

રાધે-રાધે પરીવાર ગાંધીનગર અને સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર ધ્વારા કોરોનાની મહામારી માં સંક્રમિત થયેલા અધિકારીઓ, કર્મચારીઓ, અને દેશના નાગરિકો ઝડપથી તંદુરરસ્તી પરત મેળવે તેના માટે કોરોના મુક્તિ અને સમગ્ર દેશવાસીઓના આરોગ્ય ની શુભફલ પ્રાપ્તિ માટે સમર્પણ પરીવારના આંગણે હોમાત્મક લઘુરૂદ્રયજ્ઞ અને



સત્યનારાયણ ભગવાનની કથા સાથે સાથે કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજની હનુમાન ચાલીસા નું પણ આયોજન કરાવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા ના મેયર શ્રીમતિ રીટાબેન કે પટેલ, કોર્પોરેટર શ્રીમતિ હર્ષાબા ધાંધલ, ચીફ ફાયર ઓફિસર શ્રી મહેશભાઈ મોડ સાહેબ તથા અતિથિ વિશેષ તરીકે મનીષભાઈ સોલંકી, હિમાંશુભાઈ પટેલ, આર.કે. મેવાડા સાહેબ, સાગરભાઈ વસોયા સાહેબ અને આત્મારામભાઈ પટેલ સાહેબની ખાસ ઉપસ્થિત જોવા મળી હતી. કાર્યક્રમ દરમિયાન કોઈ વ્યક્તિ કોરોના થી સંક્રમિતના થાય તેના એક નાનકડો પ્રયાસ ગાંધીનગર ની જાણીતી શાયોના એન્ટરપ્રાઈઝ કંપની દ્વારા હેન્ડ સેનેટાઈઝર મશીન અને સેનેટાઈઝર ટનલ કાર્યક્રમ સ્થળ પર મુકવામાં આવી હતી. કાર્યક્રમના અંતે લાડુ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કોરોનાની મહામારીને કારણે સરકારની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરી પુર્ણ કરાવામાં આવ્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

**જિંદગી બધા માટે એક જ છે... ફરક બસ એટલો છે કે કોઈ પોતાની ખુશી માટે જીવે છે તો કોઈ બીજાને ખુશ કરવા...**


## જન્મદિને વધામણી



ડો. યશવંત છાટબાર
સિનીયર ઈએનટી સર્જન
મો. ૭૯૮૪૩ ૧૦૮૮૬



ચારૂલતા બી રાવલ



રિયા હિરેનકુમાર રૂપાલા
મો. ૯૦૯૯૯ ૫૨૫૮૧



ધ્રુવીબા
ખુમાનસિંહ ગોહિલ
મો. ૯૮૨૪૫ ૦૧૩૦૦



નારણભાઈ આહીર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ ટ્રસ્ટી